**GUJARAT BILL NO. 1 OF 2021.**

# THE GUJARAT FISCAL RESPONSIBILITY (AMENDMENT) BILL, 2021.

## *A BILL*

*further to amend the Gujarat Fiscal Responsibility Act, 2005.*

સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧.

## ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક, ૨૦૨૧.

*ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ વધુ સુધારવા બાબત વિધેયક.*

આથી, ભારતના ગણરાજયના બોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) અધિનિયમ, ૨૦૨૧ કહેવાશે.

(૨) તે સન ૨૦૨૧ની ૧૨મી જાન્યુઆરીએ અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

**સન ૨૦૦૫નો ગુજરાતનો ૧૧મો.**

**સન ૨૦૦૫ ના ગુજરાતના ૧૧મા અધિનિયમ ની કલમ ૫ નો સુધારો.**

૨. ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ (જેનો આમાં હવે પછી, “મુખ્ય અધિનિયમ” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૫ માં, ખંડ (ખ)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

“પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે, રાજ્યના એકંદર ઘરગથ્થું ઉત્પાદનના ૩ ટકા ઉપરાંત વધારાની ૨ ટકા (૫ ટકા સુધી) રાજવિત્તીય ખાધ પરવાનગીપાત્ર રહેશે.”.

રદ કરવા બાબત અને અપવાદ.

3. (૧) ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વટહુકમ, ૨૦૨૧ આથી રદ કરવામાં આવે છે. સન ૨૦૨૧નો ગુજરાત વટહુકમ ૧લો.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો હોવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

રાજવિત્તીય સ્થિરતા અને ટકાઉપણાને સુનિશ્ચિત કરવા માટે અને પૂરતી મહેસૂલ અધિશેષ મેળવીને, રાજવિત્તીય ખાધ ઘટાડીને અને રાજ્ય સરકારના ઋણ (ઉછીના લીધેલા નાણા), સરકારી જામીનગીરી, દેવા અને ખાધ ઉપરની મર્યાદા, રાજ્ય સરકારની રાજવિત્તીય કામગીરીમાં વધુ પારદર્શિતા અને મધ્યમ મુદતી રાજવિત્તીય પારદર્શિતા માળખાના ઉપયોગ મારફત, રાજવિત્તીય નીતિના અસરકારક કામકાજ અને વિવેકપૂર્ણ દેવા વ્યવસ્થાપન સંબંધી અંતરાયો દૂર કરીને, સામાજિક અને રાજવિત્તીય આંતરમાળખા અને માનવ વિકાસ માટેના વ્યાપમાં વૃદ્ધિ કરવા માટે, રાજ્ય સરકારની જવાબદારી માટેની જોગવાઇ કરવા ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ અધિનિયમિત કરવામાં આવ્યો છે.

કોવિડ-૧૯ મહામારીએ રાજ્યો અને કેન્દ્રના સંસાધનો પર પ્રતિકૂળ રીતે અસર પહોંચાડી છે. આ સંદર્ભમાં, વધારાના સંસાધનો ઊભા કરવા માટે, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે, રાજ્ય સરકારોને રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ૨ ટકાની મર્યાદામાં વધારાના નાણાં ઉછીનાં લેવાની પરવાનગી આપી છે. રાજ્ય સરકારોએ તેમની રાજવિત્તીય જવાબદારી અને અંદાજપત્રના સંચાલન સંબંધી કાયદા સુધારવાની જરૂર છે. તેથી, ઉપર્યુક્ત અધિનિયમ સુધારવો જરૂરી છે.

તે સમયે ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વટહુકમ, ૨૦૨૧ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ વિધેયકથી, સદરહુ વટહુકમના સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

તારીખ: ૧૫ મી ફેબ્રુઆરી, ૨૦૨૧. **નીતિન પટેલ.**

## પુરવણી

### ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫માંથી ઉતારા.
### (સન ૨૦૦૫નો ગુજરાતનો ૧૧મો)

રાજવિત્તીય સંચાલનના લક્ષ્યાંકો.

**૫.** ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઇઓની વ્યાપકતાને બાધ આપ્યા સિવાય, રાજ્ય સરકારે,-

(ક) XXX XXX XXX

(ખ) તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૧થી શરૂ થતા અને તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૨ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષથી રાજવિત્તીય ખાધને રાજયના તે વર્ષ માટેના અંદાજિત એકંદર ઘરગથ્થું ઉત્પાદનના ત્રણ ટકાથી વધે નહી તે રીતે ઘટાડવી જોઇશે અને ત્યાર પછી તે સ્તરે જાળવી રાખવી જોઇશે;

(ગ) અને (ઘ) XXX XXX XXX

પરંતુ આંતરિક અશાંતિ અથવા કુદરતી આપત્તિના લીધે ઉદભવતા અથવા રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તે પ્રમાણેના બીજા કોઇ અપવાદરૂપ કારણે રાજય સરકારની નાણા-વ્યવસ્થા પર ઊભી થતી અણધારી માંગણીઓના કારણે અથવા કારણોના લીધે, મહેસૂલી ખાધ અને રાજવિત્તીય ખાધ આ કલમ હેઠળ નિર્દિષ્ટ કરેલી મર્યાદા કરતાં વધી શકે છે:

વધુમાં, એવી ખાધની રકમ, ઉપર્યુક્ત લક્ષ્યાંકોથી વધી જાય તે પછી, પ્રથમ પરંતુકમાં નિર્દિષ્ટ કરેલા કારણ અથવા કારણો સંબંધી પત્રક, શક્ય હોય તેટલું જલદી, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવું જોઇશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧.]

ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી નીતિન પટેલ,

નાણા મંત્રીશ્રી]

(સન ૨૦૨૧ના ફેબ્રુઆરી મહિનાની ૧૬મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

## THE GUJARAT FISCAL RESPONSIBILITY (AMENDMENT) BILL, 2021.

## GUJARAT BILL NO. 1 OF 2021.

### *A BILL*

*further to amend the Gujarat Fiscal Responsibility Act, 2005.*

It is hereby enacted in the Seventy-second Year of the Republic of India as follows:-

**Short title and Commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Fiscal Responsibility (Amendment) Act, 2021.

(2) It shall be deemed to have come into force on the 12th January, 2021.

**Amendment of section 5 of Guj. 11 of 2005.**

**2.** In the Gujarat Fiscal Responsibility Act, 2005, (hereinafter referred to as "the principal Act"), in section 5, to clause (b), the following proviso shall be inserted, namely:- **Guj. 11 of 2005.**

"Provided that, for the financial year 2020-21, additional fiscal deficit of 2 percent over and above 3 percent of Gross State Domestic Product (up to 5 percent) shall be permissible.".

**Repeal and saving.**

**3.** (1) The Gujarat Fiscal Responsibility (Amendment) Ordinance, 2021 is hereby repealed. **Guj. Ord. 1 of 2021.**

(2) Notwithstanding such repeal, anything done or any action taken under the principal Act as amended by the said Ordinance, shall be deemed to have been done or taken under the principal Act as amended by this Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

The Gujarat Fiscal Responsibility Act, 2005 has been enacted to provide for the responsibility of the State Government to ensure fiscal stability and sustainability and to enhance the scope for social and fiscal infrastructure and human development by achieving sufficient revenue surplus, reducing fiscal deficit and removing impediments to the effective conduct of fiscal policy and prudent debt management through limits on State Government's borrowings, Government guarantees, debt and deficit, greater transparency in fiscal operations of the State Government and use of a medium term fiscal transparency framework.

The COVID-19 pandemic has adversely affected the resources of the States and the Centre. In view of this, to raise additional resources, the Central Government has allowed an additional borrowing limit of 2 per cent of the Gross State Domestic Product to the State Governments for the financial year 2020-2021. The State Governments are required to amend their Fiscal Responsibility and Budget Management Laws. Therefore, it is necessary to amend the aforesaid Act.

As the Legislative Assembly of the State of Gujarat was not in session, at that time, the Gujarat Fiscal Responsibility (Amendment) Ordinance, 2021 was promulgated to achieve the aforesaid objects.

This Bill seeks to replace the said Ordinance by an Act of the State Legislature.

Dated the 15th February, 2021. **NITIN PATEL.**

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT FISCAL RESPONSIBILITY ACT, 2005.**

**(Guj. 11 of 2005)**

---

**Fiscal management targets.**

**5.** In particular, and without prejudice to the generality of the foregoing provisions, the State Government shall -

(a) XXX XXX XXX

(b) reduce fiscal deficit to not more than three percent of the estimated Gross State Domestic Product of the year, from the financial year commencing from the 1st April, 2011 and ending on the 31st March, 2012 and maintain at that level thereafter;

(c) and (d) XXX XXX XXX

Provided that revenue deficit and fiscal deficit may exceed the limits specified under this section due to ground or grounds of unforeseen demands on the finances of the State Government arising out of internal disturbance or natural calamity or due to any other exceptional ground as the State Government may specify:

Provided further that a statement in respect of the ground or grounds specified in the first proviso shall be placed before the State Legislature, as soon as may be, after such deficit amount exceeds the aforesaid targets.

GUJARAT LEGISLATURE SECRETARIAT

**GUJARAT BILL NO. 1 OF 2021.**

***A BILL***

*further to amend the Gujarat Fiscal Responsibility Act, 2005.*

**[ SHRI NITIN PATEL,**
**MINISTER OF FINANCE ]**

( As published in the Gujarat Government Gazette of the 16th February, 2021)

**D.M.PATEL,**
Secretary,
Gujarat Legislative Assembly.

---------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.